


સુવિચાર : જે લોકો પોતાના સુખને બીજા જીવો સુધી પહોંચાડવા તત્પર છે એવા લોકો સ્વયં 'નારાયણ' જ છે - સાધુ વાસવાણી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૫ | ૧૫ એપ્રિલ, ૨૦૧૫, બુધવાર ; ચૈત્ર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કલેક્ટર કચેરીમાં લાઈનરાજ

## જનસેવા કેન્દ્ર, રેશનકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ જેમાં જુઓ ત્યાં લાઈનો જ લાગે છે : તંત્રમાં કર્મચારીઓ-અધિકારીઓની ઘટથી પ્રજાના સામાન્ય કામો પણ અટવાયા કરે છે





ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા સેવાસદનમાં સ્ટાફની અછત અને સેવાઓના વધતા જતા વ્યાપને કારણે લાઈનરાજની સ્થિતિ જોવા મળી રહી છે.

જિલ્લા સેવા સદનમાં કર્મચારીઓ અને અધિકારીઓની ઘટને કારણે લોકોની પરેશાની વધી રહી છે. ખાસ કરીને જનસેવા કેન્દ્ર એ તેનો સૌથી મોટો પુરાવો છે.

જિલ્લાના જનસેવા કેન્દ્રમાં ટોકન આપવા માટેની કોઈ સમય મર્યાદા નિયત કરાઈ નથી તેમજ પરીક્ષાના માહોલ બાદ જાતિ, આવક સહિતના વિદ્યાર્થીઓને જરૂરી એવા પ્રમાણપત્રો મેળવવા માટે મોડે સુધી અહિ લાઈન લાગેલી જ રહે છે.

જિલ્લા વહીવટીતંત્રે ગત વર્ષે લાઈનરાજ ઉભુ ના થાય તે માટે તાલુકે તાલુકે અને શાળાકક્ષાએ આ અંગે ખાસ કેમ્પોનું આયોજન કર્યુ હતુ. આ વખતે તંત્ર આ વાત વિસરી ગયું છે.

તો બીજી તરફ મતદારયાદીને લઈ પણ અહિ મોટી સંખ્યામાં લાઈનો થાય છે. આધારકાર્ડ માટે પણ લાઈનો લાગે છે તો રેશનીંગ કાર્ડમાં થમ્બ ઈમ્પ્રેશન માટે લાઈનો જોવા મળી રહી છે. આ લાઈનોને કારણે તંત્રના અધિકારીઓને તેમની કામગીરી કરવામાં પણ ઘણીવાર અડચણો થતી જોવા મળી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર



# સ્થાપના દિવસથી સફાઈ અભિયાન સઘન બનાવાશે

## શહેરની શાળાઓની સ્વચ્છતા જોવા તેઓ શાળાની મુલાકાત લેશે તેવી પણ મુખ્યમંત્રીની જાહેરાત

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યના સ્થાપના દિવસની ઉજવણી સાથે સાથે ગ્રામ સફાઈ અને મિલ્કત સફાઈનું એક અનોખુ અભિયાન હાથ ધરવામાં આવશે તેમ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આજે જણાવ્યુ હતુ.

ગાંધીનગર શહેરની વિવિધ પ્રાથમિક શાળાના બાળકો સાથે આંબેડકર જયંતિની ઉજવણીમાં સામેલ થયેલા મુખ્યમંત્રીશ્રીએ બાળકવિ સંમેલનનું આયોજન કરવાની ઘોષણા કરી આજે વક્તવ્ય આપનારા બાળકોને પુરસ્કારથી સન્માનિત કરવાની પણ જાહેરાત કરી હતી.

શહેરની પ્રા. શાળામાં તેમણે જોયેલી ગંદકીની છાપ હજુ તેમના મન પરથી ભુંસાઈ નથી અને એટલે જ તેમણે શિક્ષકોને ટોણો મારી કહ્યુ હતુ કે વેકેશન ૪ થી મે થી શરૂ થવાનું છે ત્યારે મિલ્કતો જે આપણી સંસ્થાઓ છે તેની સફાઈ કરવાની જવાબદારી આપણી છે અને તે કરીએ.

તેમણે કહ્યુ કે તેઓ નગરની બધી જ શાળાઓ તેમજ રાજ્યની વિવિધ શાળાઓની સ્વચ્છતા માટે મુલાકાત લેવાના છે. આ સ્વચ્છતાના મુદ્દે શિક્ષકો જ ઉદાસીનતા દાખવશે તો સમરસ સમાજની રચનાનું કાર્ય વિલંબીત થશે. આ યોગ્ય નથી.

શ્રીમતિ આનંદીબેન પટેલ દોઢ કલાકથી પણ વધુ સમય બાળકો વચ્ચે વિતાવ્યો હતો તેમજ બાળકોને ભાષણ નહિ પણ તેમની સાથે વાર્તાલાપના રૂપમાં વાતો કરી મંચસ્થ સાથીઓનો પરિચય કરાવ્યો હતો.

તેમણે બાળકોને વિધાનસભા સંકુલમાં શું શું જોયુ તેમને તે કેમ ગમ્યુ જેવા મુદ્દાઓ આવરી લઈ અને તેના પર નિબંધ લખવા પણ જણાવ્યું હતું. વિધાનસભાના પોડિયમમાં મુકેલી તસ્વીરો અને પ્રતિકૃતિઓ તેમજ પ્રદર્શન અંગે તેમણે રસપ્રદ પ્રશ્નોત્તરી પણ બાળકો સાથે કરી હતી.

આ કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા, આરોગ્યમંત્રી શ્રી નીતિન પટેલ,

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની પ્રથમ પ્રાથમિક શાળાનું 'ગ્રીન બિલ્ડીંગ'

## નારદીપુરમાં નિર્માણાધીન આ ગ્રીન બિલ્ડીંગ સંકુલની કામગીરી અંતિમ તબક્કામાં છે આગામી શૈક્ષણિક સત્રથી તે કાર્યરત કરવા તંત્ર દ્વારા સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કરાયું છે







ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામે સર્વશિક્ષા અભિયાન તળે ગ્રીન સ્કૂલ બિલ્ડીંગ કન્સ્પેટ હેઠળ શાળાના નવિન બાંધકામનું કામ તેના અંતિમ તબક્કામાં પહોંચ્યું છે અને આગામી શૈક્ષણિક સત્રથી તેમાં શૈક્ષણિક કાર્ય આરંભાય તે રીતે તંત્ર આગળ વધી રહ્યું છે.

રૂ. ૩ કરોડથી પણ વધુના ખર્ચે '૦' શેપમાં આ ગ્રીન બિલ્ડીંગ સ્કૂલ નિર્માણાધિન છે જેમાં ૧૨ વર્ગખંડો ઉપરાંત બાળકો માટે અલાયદુ કીચન, પ્રાર્થના કમ ડાયનીંગ હોલ, વિકલાંગ બાળકો માટે રેમ્પ સહિતની સુવિધાઓ છે.

કુદરતી સંપદાના ભરપુર ઉપીયોગ સાથે સ્વાસ્થ્ય માટે જરૂરી હવા, તેમજ ઠંડકની અનોખી અનુભૂતિ આ સંકુલમાં થાય તે રીતે તેની ડિઝાઈન કરવામાં આવી છે.

આજના જમાનામાં અસામન ભૌતિક વિકાસને કારણે પૃથ્વી પરના નૈસર્ગિક સ્ત્રોતોનું સંતુલન ખોરવાઈ ગયુ છે જેને કારણે ગ્લોબલ વોર્મિંગની પરિસ્થિતિ નિર્માણ થઈ છે અને આ ગ્લોબલ વોર્મિંગની ખરાબ અસરો આપણે જોઈ શકીએ છીએ.

આ સંતુલનતામાં જીવનના પ્રાથણિક પાંચ તત્વો હવા, પાણી, ઉર્જા, આકાશ, પૃથ્વીની સંતુલિતતા જાળવી આપણા બધા માટે જરૂરી નહિ પણ અતિ આવશ્યક છે. જેને કારણે કૃત્રિમ શક્તિઓ કરતા કુદરતી સંશાધનોનો વધુમાં વધુ ઉપયોગ કરી મકાન બનાવાવમાં આવે તેને ગ્રીન બિલ્ડીંગ કહી શકાય.

અહિ સિવિલ વર્કસ પૂર્ણ થયું છે. પરંતુ રેઈન વોટર હોર્વેસ્ટીંગ સિસ્ટમ હવે લગાવવામાં આવશે. અંદાજે ૫૦ હજાર લીટરથી વધુ વરસાદી પાણીનો સંગ્રહ થઈ શકે તેવી

● અનુસંધાન પાન-૭ પર

# મામલતદાર સંવર્ગમાં બઢતી માટે ગોઠવાતો તખ્તો

ગાંધીનગર, તા. ૧૪

મહેસૂલ વિભાગ દ્વારા રેવન્યુ કેડરના અધિકારીઓની બદલી અને બઢતીનો દોર હાથ ધરવામાં આવ્યો છે. મામલતદાર સંવર્ગમાંથી નાયબ કલેકટર સંવર્ગમાં બઢતી આપવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

મહેસુલ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મહેસૂલ વિભાગ દ્વારા ગઈ કાલે ૭૧ જેટલા નાયબ કલેકટર સંવર્ગના અધિકારીઓની સાગમટે બદલીઓના હુકમો જારી કર્યા હતા જયારે ૧૦ જેટલા મામલતદાર સંવર્ગના અધિકારીઓને નાયબ કલેકટર તરીકે બઢતી આપતાં હુકમો કરવામાં આવ્યા હતાં.

પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં નાયબ કલેકટરોની ખાલી જગ્યાઓ બઢતીથી ભરવા માટે મામલતદાર સંવર્ગના અધિકારીઓને નાયબ કલેકટર તરીકે બઢતી આપવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને આગામી ટૂંક સમયમાં બઢતીઓનો બીજો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં ખાલી પડેલી મામલતદાર સંવર્ગની જગ્યાઓ ભરવા માટે અંદાજે ૧૫૦ જેટલા નાયબ મામલતદારોને મામલતદાર સંવર્ગમાં બઢતી આપવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને આગામી ટૂંક સમયમાં બઢતી બદલીઓનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# શહેરમાં ચાર દિવસમાં ૭ ડિગ્રી પારો ગગડ્યો

ગાંધીનગર, તા. ૧૪

સૌરાષ્ટ્ર અને ગુજરાત પર છવાયેલા અપર એર સાયક્લોનની અસર તળે ગાંધીનગર સહિત ગુજરાતના ઘણા વિસ્તારોમાં કરા સાથે કમોસમી વરસાદ ખાબકતા ગરમીમાં ઘટાડો થયો છે. છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન પારો ૭ ડિગ્રી જેટલો ગગડતા ગરમીમાં ઘટાડો થયો છે.

ઉનાળાના પ્રારંભે જ વારંવાર વાતાવરણમાં આવતુ પરિવર્તન ગરમીમાં રાહત આપી રહ્યું છે. છેલ્લા બે દિવસથી તો વાતાવરણમાં અચાનક પલ્ટો આવી માવઠું થયું હતું. ગાંધીનગર સહિત ઘણા વિસ્તારોમાં કરા સાથે વરસાદ થતાં વાતાવરણમાં ખુબ ઠંડક છવાઈ ગઈ હતી. છેલ્લા બે દિવસથી તો રાત્રે બહાર નીકળતા ઠંડી લાગતી હતી. મહત્તમ તાપમાન જે ગયા અઠવાડિયે ૪૦ ડિગ્રી પહોંચી ગયુ હતુ તે આજે ૩૩.૫ ડિ.સે. જેટલું નોંધાયુ હતુ. ત્રણ દિવસ દરમ્યાન જ પારો ૭ ડિગ્રી જેટલો ગગડતા ગરમીમાં રાહત મળી છે.

ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદી માહોલ આજે પણ યથાવત રીતે જારી રહ્યો હતો. દક્ષિણ ગુજરાતમાં આજે વરસાદ પડ્યો હતો. જેમાં નવસારી, વાપી સહિતના આજુ બાજુના વિસ્તારોનો સમાવેશ થાય છે. બીજીબાજુ તાપમાનમાં ઉતાર-ચઢાવની સ્થિતિનો દોર યથાવત રહ્યો છે. આંશિક વાદળછાયું વાતાવરણની સ્થિતિ વચ્ચે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં સતત ફેરફાર જોવા મળ્યો હતો. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૪.૯ અને લઘુત્તમ તાપમાન ૨૨.૮ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન કંડલાપોર્ટ પર ૩૯.૯ ડિગ્રી નોંધાયું હતું. પરંતુ રાજ્યના દક્ષિણ ગુજરાત દમણ, દાદરાનગર હવેલીના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવા વરસાદી ઝાપટાની આગાહી કરાઈ છે.

જોઈએ છે
જુના કલર ટી.વી.
૧૪'', ૨૦'' અને ૨૧''
બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬




લક્ષ્ય
MISSION PAY BACK TO THE SOCIETY
તલાટી-કમ-મંત્રી / કારકુન સંવર્ગ
ગાંધીનગરમાં અનુસૂચિત જાતિના ઉમેદવારો માટેના તાલીમ વર્ગો

લક્ષ્યના ઉપક્રમે તલાટી-કમ-મંત્રી / કારકુન સંવર્ગની આગામી પરીક્ષામાં બેસનાર અનુસૂચિત જાતિના ઉમેદવારો માટેના પરીક્ષાના તાલીમ વર્ગો ATRIA-B, બીજે માળ, સરગાસણ ચોકડી, ગાંધીનગર ખાતે, સાંજે ૫ થી ૭ ચાલે તેમ શરૂ થઈ રહ્યા છે. નિષ્ણાંત ફેકલ્ટી અને ફીના ન્યુનત્તમ ધોરણો સાથે વાતાનુકુલિત વર્ગખંડમાં આ તાલીમવર્ગો શરૂ થઈ રહ્યા છે. આથી આ પરીક્ષામાં બેસનારા અનુસૂચિત જાતિના માત્ર ૧૦૦ (એકસો)ની સંખ્યાના (તથા જૂજ સંખ્યામાં અન્ય જાતિના) ઈચ્છુક યુવક-યુવતીઓને પ્રવેશ આપવાનો છે. આ માટે તાલીમ વર્ગ વ્યવસ્થાપક શ્રી આર. એમ. ચાવડા (મો. ૯૯૯૮૯૪૮૦૯૩)નો અને 'લક્ષ્ય'ના અધ્યક્ષ શ્રી એમ. બી. પરમાર (IAS) (મો. ૯૮૨૫૦ ૩૧૩૮૩)નો પણ સંપર્ક કરી શકે છે.

